**વંચાણે લીધા :**

**(૧)** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક : ગ/ઉપક/ટ્રાફીક/૪૯/૨૦૧૮, તા.૨૬/૧૨/૨૦૧૮ તથા

**(૨)** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૪/૨૦૨૦, તા.૬/૭/૨૦૨૦ તથા

**(૩)** પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૧૭/૨૦૨૨, તા.૨૯/૪/૨૦૨૨ અન્વયે.

**જાહેરનામું**

**પોલીસ કમિશનર,અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૫૫/૨૦૨૨,**
**તા.૨૬/૧૨/૨૦૨૨**

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં રાજપુર–ગોમતીપુર રોડ ઉપર કાંકરીયા પુર્વ મેટ્રો સ્ટેશન બનાવવાની કામગીરી અંતર્ગત તા.૩૦/૯/૨૦૨૩ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો તમામ પ્રકારના વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત /ડાયવર્ઝન કરવા અંગેનો હુકમ કરૂ છું.

**–: હુકમ :–**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાજપુર–ગોમતીપુર રોડ ઉપર કાંકરીયા પુર્વ મેટ્રો સ્ટેશન બનાવવાની ફેઝ–૧ અને ફેઝ–૨ ની કામગીરી અનુસંધાને નીચે જણાવેલ માર્ગ/વિસ્તાર પરથી પસાર થતો ટ્રાફિક તમામ પ્રકારના વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન કરવામાં આવે છે.

| અનં. | વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ/વિસ્તારની વિગત | વૈકલ્પિક માર્ગની વિગત |
|---|---|---|
| ૧. | **પ્રથમ તબક્કો (ફેઝ–૧) :** અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત રાજપુર ટોલનાકા ચાર રસ્તા મધ્ય ભાગ (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૫૮૬૩, ૭૨.૬૦૭૧૨૮) થી સેન્ટ જોસેફ સ્કુલ કોર્નર પાસે રાજ ફ્લાવર ફેક્ટરી (નેપાળ આટા ચક્કી) (અક્ષાંશ–રેખાંશ : ૨૩.૦૧૪૫૭૫,૭૨.૬૦૭૧૨૨) સુધીનો સમગ્ર રોડ રાજપુર ટોલ નાકાથી સેન્ટ જોસેફ સ્કુલ તરફ આવતા બાંધકામ અનુસંધાને કોઇપણ પ્રકારની હોનારત ન સર્જાય તે માટે જરૂરીયાત મુજબનો રસ્તો ફક્ત આજુબાજુના રહીશોને ચાલતા તેમજ ટુ વ્હીલર વાહન લઇને અવર જવર કરવા માટે ખુલ્લો રાખી બાકીનો સમગ્ર રોડ બેરીકેડ લગાવી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૩૦/૯/૨૦૨૩ સુધી બંધ રહેશે. | રખિયાલ રોડ તથા રાજપુર ટોલ નાકાથી અનુપમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તા તરફ જવા માટે રાજપુર ટોલનાથી ડાબી બાજુ વળી પોપટીયાવાડ ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી સીધા રાજપુર ચોક ચાર રસ્તાથી જમણી બાજુ થઇ સેન્ટ જોસેફ હાઇસ્કુલ કોર્નરથી ડાબી બાજુ વળી સીધા અનુમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તા તરફ જઇ શકાશે અને તેજ રૂટ મુજબ અંબિકા મીલથી રાજપુર ટોલનાકા તથા રખિયાલ રોડ તરફ જઇ શકાશે. |

| | | |
|---|---|---|
| ૨. | **બીજો તબક્કો (ફેઝ-૨) :** રાજપુર ટોલનાકા ચાર રસ્તા મધ્ય ભાગ (અક્ષાંશ-રેખાંશ :૨૩.૦૧૫૮૬૩, ૭૨.૬૦૭૧૨૮) સુધી બિજા તબક્કા (ફેઝ-૨) નું કામકાજ થનાર હોઇ જેથી એસ્કવાયર મેન્સવેર નામની દુકાન સામે (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૧૬૬૪૩, ૭૨.૬૦૭૦૭૭) થી સેન્ટ જોસેફ સ્કુલ કોર્નર પાસે રાજ ફ્લાવર ફેકટરી (નેપાળ આટા ચક્કી) (અક્ષાંશ-રેખાંશ : ૨૩.૦૧૪૫૭૫, ૭૨.૬૦૭૧૨૨) સુધીનો સમગ્ર રોડ એસ્કવાયર મેન્સવેર નામની દુકાનથી સેન્ટ જોસેફ સ્કુલ તરફ આવતા બાંધકામ અનુસંધાને કોઇપણ પ્રકારની હોનારત ન સર્જાય તે માટે જરૂરીયાત મુજબનો રસ્તો ફક્ત આજુબાજુના રહીશોને ચાલતા તેમજ ટુ વ્હીલર વાહન લઇને અવર જવર કરવા માટે ખુલ્લો રાખી બાકીનો સમગ્ર રોડ બેરીકેડ લગાવી તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે તા.૩૦/૯/૨૦૨૩ સુધી બંધ રહેશે. | **(૧)** અનુપમ બ્રીજ અંબિકા મીલ ત્રણ રસ્તાથી ગોમતીપુર થઇ રખિયાલ મુખ્ય રોડ તરફ જવા માટે અંબિકા મીલ ત્રણ રસ્તાથી રાજપુર ગોમતીપુર રોડ ઉપર આગળ જતા સિલ્વર પોલીસ ચોકી ત્રણ રસ્તાથી જમણી બાજુ વળી શ્રી ઉમેદભાઇ પરમાર માર્ગ ઉપર સીધા રાજપુર ચોક ચાર રસ્તાથી જમણી બાજુ વળી શ્રી પિતામ્બરભાઇ જલાભાઇ માર્ગ ઉપર રાજપુર પોસ્ટ ઓફીસ ચાર રસ્તાથી ડાબી બાજુ વળી મોતિભાઇ પરમાર ચોક ત્રણ રસ્તાથી સીધા ગોમતીપુર પોલીસ સ્ટેશન સામેના ત્રણ રસ્તાથી રખિયાલ મુખ્ય રોડ ઉપર જઇ શકાશે અને તેજ રૂટ મુજબ રખિયાલ મુખ્ય રોડથી અંબિકા મીલ ત્રણ રસ્તા અનુપમ સિનેમાં રોડ તરફ આવી શકાશે.<br>**(૨)** ખોખરા તરફથી ગોમતીપુર અંદરના વિસ્તાર અથવા તો રખિયાલ રોડ તરફ અવર જવર કરવા માટે અનુપમ ચાર રસ્તાથી જમણી બાજુ વળી શ્રી ખાંડુભાઇ દેસાઇ માર્ગ ઉપરથી લાલમીલ ચાર રસ્તા તથા બળીયાકાકા ચાર રસ્તાનો ઉપયોગ કરી ગોમતીપુર અંદરના વિસ્તારમાં અવર જવર કરી શકાશે તથા આજ રોડ ઉપર સીધા રખિયાલ રોડ તરફ અવર જવર કરી શકાશે. |

**અપવાદ :** આ જાહેરનામું ફરજમાં રોકાયેલા સરકારી વાહનો, ફાયર બ્રિગેડ, એમ્બ્યુલન્સના વાહનોને લાગું પડશે નહી.

**-: જાહેરનામાની અમલવારીની વિગત :-**

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩ ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને જાહેરનામું પ્રસિદ્ધ થયેથી ફેઝ-૧ તથા ફેઝ-૨ ની કામગીરી દરમિયાન તા.૩૦/૯/૨૦૨૩ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૫ /૧૨/૨૦૨૨ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

તા.૨૫/૧૨/૨૦૨૨
અમદાવાદ શહેર

**( સંજય શ્રીવાસ્તવ )**
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**<u>નકલ સવિનય રવાના :</u>**

(૧) અગ્ર સચિવશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર, ગુજરાત સરકાર
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર

(૩) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી, ગુ.રા.ગાંધીનગર
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર
(૫) પોલીસ કમિશ્નરશ્રી, સુરત,વડોદરા,રાજકોટ શહેર
(૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,અ.મ્યુ.કો., અમદાવાદ શહેર
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર
(૮) કલેકટરશ્રી,અમદાવાદ શહેર
(૯) નિયામકશ્રી,માહીતી ખાતું,ગુ.રા.ગાંધીનગર
(૧૦) સંયુકત માહીતી નિયામકશ્રી, બૅરેક નં-૦૩,આંબાવાડી પોલીટિકનીક,અમદાવાદ શહેર
(૧૧) રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, ગુ.રા.ગાંધીનગર
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સીટી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ત, અમદાવાદ (ગ્રામ્ય), મીરઝાપુર, અમદાવાદ
(૧૪) ચીફ મેટ્રોપોલીટિન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર
(૧૫) મુખ્ય સરકારી વકીલશ્રી, સીટી સેશન્સ કોર્ટ, ભદ્ર, અમદાવાદ શહેર
(૧૬) સંયુકત/અધિક પોલીસ કમિશ્નરશ્રી,વિશેષ શાખા, સેકટર-૧,સેકટર-૨,મુખ્ય મથક,ટ્રાફિક,ક્રાઈમ બ્રાન્ચ ,અમદાવાદ શહેર
(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેઝેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂં.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૧૯) નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ઈન્ટે.) અમદાવાદ શહેર
(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ,અમદાવાદ શહેર
(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાનપત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા સારુ)
(૨૨) તમામ પો.ઈન્સ.શ્રીઓ, અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂં)
(૨૩) પો.ઈન્સ.શ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર
(૨૪) પો.ઈન્સ.શ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.
(૨૫) પો.ઈન્સ.શ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.
(૨૬) પો.ઈન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂં
(૨૭) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઇમ, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂં.